**સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટ્રીટયુટ ઓફ ટેકનોલોજી , ઈચ્છાનાથ, સુરત–૭.**

# ભંગાર વેચાણના કોન્ટ્રાકટનું ભાવ પત્રક

## ૨૦૨૪ – ૨૦૨૫

# સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રૌદ્યોગિક સંસ્થા,ઈચ્છાનાથ, સુરત–૭.

## –: નિ વિ દા :–

સદર કામના અનુભવી ઠેકેદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રકો નિયામકશ્રી, સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રૌદ્યોગિક સંસ્થા, ઈચ્છાનાથ, સુરત તરફથી મંગાવવામાં આવે છે.

| અ.નં | કામની વિગતો | કામની સમયમર્યાદા |
|---|---|---|
| ૧ | સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય પ્રૌદ્યોગિક સંસ્થામાં પડેલા લોખંડ / લાકડા / પ્લાસ્ટીક નો / ઈલેક્ટ્રીક પરચુરણ સામાન, લાઈટ તથા પરચુરણ ભંગાર વેચાણ આપવા બાબત | ૧૫ દિવસ |

(૧) ભરેલાભાવપત્રકો આ કચેરીએ **તા:૧૮/૦૭/૨૦૨૪** સુધીમાં કચેરીના સમય દરમ્યાન મળે તે મુજબ સ્વીકારવામાં આવશે. પરંતુ ટપાલ મારફત મોકલેલ ભાવ પત્રકો ગુમ થાય કે નિયત તારીખ વિત્યા બાદ મળશે તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહી. શકય હશે તો આવેલા ભાવપત્રકો **તા:૧૯/૦૭/૨૦૨૪** ના રોજ ૩:૩૦ કલાકે ઈચ્છુક હાજર રહેલા ઠેકેદારોની હાજરીમાં જ ખોલવામાં આવશે. પરામર્શ (નેગોશીએશન) જો જરૂર હશે તો તેજ દિવસે હોઈ અચૂક હાજર રહેવુ. કોરા ભાવ પત્રકો સંસ્થાની વેબસાઈટ www.svnit.ac.in પર થી પણ મળી રહેશે જેની ખાસ નોંધ લેવી.

(૨) એક યા બધા જ ભાવપત્રકો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવા કે નામંજુર કરવાના સર્વે હકકો નિયામકશ્રીને રહેશે.

**CHAIRMAN**
**SCRAP COMMITTEE**

**DEAN**
**PLANNING & DEVELOPMENT**

# સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, સુરત

## <u>ભાવ પત્રક</u>

૧. પ્રતિ ,
______________________________
______________________________
______________________________
______________________________

૨. વિષય : **લોખંડ / લાકડા / પ્લાસ્ટીકનો / ઈલેકટ્રીક પરચુરણ સામાન, લાઈટ તથા પરચુરણ ભંગાર વેચાણ આપવા બાબત**

૩. ભાવ પત્રક ડાઉનલોડ કરવાની તારીખ : ૧૦/૦૭/૨૦૨૪ થી ૧૮/૦૭/૨૦૨૪

૪. ભાવ પત્રક જમા કરાવવાની છેલ્લી તારીખ : ૧૮/૦૭/૨૦૨૪ કચેરીના સમય દરમ્યાન
(સાંજે ૫ : ૦૦ વાગ્યા સુધી)
(સ્થળ : ડીસ્પેચ સેકશન, એ.ડી.એમ. બિલ્ડીંગ)

૫. ભાવ પત્રક ખોલવાની તારીખ : ૧૯/૦૭/૨૦૨૪ (સાજે ૩:૩૦ વાગ્યે)

૬. EMD : રૂા. ૧૦ ,૦૦૦/–

Crossed Demand Draft No. ________________

Dated ________________

Drawn on **"DIRECTOR SVNIT MHRD FUND"**, Surat.

(Name of the Authority : **The Director,**
**S. V. National institute of Technology,**
**SURAT 395007, (GUJARAT).**

**Enquiry Issued to the above party**

**CHAIRMAN**
**SCRAP COMMITTEE**

**DEAN**
**PLANNING & DEVELOPMENT**

## સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, સુરત

## શરતો

(૧) ભાવ પત્રક ભરવા માટેની આવશ્યક શરતઃ
પાન કાર્ડ નંબર હશે તો જ પાર્ટી ભાવ પત્રક ભરી શકશે. પાન કાર્ડની ઝેરોક્ષ કોપી વગરનુ ભાવ પત્રક રદબાતલ ગણવામાં આવશે.

(૨) ભાવ પત્રક ડોકયુમેન્ટમાં ભાવ ભરતા પહેલા એસ્ટેટ અને સ્ટોર્સ વિભાગમાં સંપર્ક કરી કુલ ભંગારની વિગત મેળવી લેવાની રહેશે. તેમજ ભંગાર જમા કરેલ જગ્યાનું નિરિક્ષણ કરવાનું રહેશે.

(૩) જે પાર્ટીનુ ભાવ પત્રક ઊંચાભાવનું હશે તે પાર્ટીએ ભંગારનો કબજો મેળવી લેવાનો રહેશે. આ બાબતે કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

(૪) સ્વીકારેલ ઠેકેદારે પોતાના ખર્ચે ખાલી ટેમ્પો અથવા ટ્રક નું વજન ધરમ કાંટાથી એસ.વી.એન.આઈ.ટી. ના કર્મચારીની હાજરીમાં જ કરાવવો અને ત્યાર બાદ સ્ક્રેપ મટીરીયલ્સથી ભરેલા ટેમ્પા અથવા ટ્રક નું વજન એવીજ રીતે કરાવી લેવાનું રહેશે. આ પ્રમાણે નિર્ધારિત થયેલા વજન ના હિસાબે જ કુલ રકમ નિર્ધારિત થશે. એના પ્રમાણે સ્વીકારેલ ઠેકેદારે નિર્ધારિત થયેલ રકમ એસ.વી.એન.આઈ.ટી.માં રોકડા એકાઉન્ટ વિભાગમાં જમા કરાવવાના રહેશે, નહિતર ત્યાર બાદ ટેમ્પો / ટ્રક ભરવા દેવામાં આવશે નહિ જેની ઠેકેદારોએ ખાસ નોંધ લેવી.

(૫) ભંગાર ઉપાડતી વખતે દરેક ટ્રક કે ટેમ્પો માટે એસ્ટેટ અને સ્ટોર્સ સેકશન, કમીટીના ચેરમેન અથવા કમીટીના સભ્યો પાસેથી ગેટ પાસ લઈને અને સિકયુરીટીને મેઈનગેટ પર બતાવીને ટ્રક કે ટેમ્પો બહાર જવા દેવામાં આવશે.

(૬) ભાવ પત્રક ની રકમ ભર્યા પછી પંદર (૧૫) દિવસમાં સંપૂર્ણ ભંગાર ઉઠાવી લેવાનો રહેશે. ભંગારની જગ્યા સાફ સફાઈ કરીને આપવાની રહેશે.

(૭) જે પાર્ટીનું ભાવ પત્રક ઉચા ભાવનું હશે તે પાર્ટીને કામ આપવામાં આવશે. આ બાબતે કોઈ પણ પ્રકારની તકરાર ચાલશે નહી.

(૮) આપે ભરેલ ભાવો સીલબંધ કવરમાં આ સાથે જોડેલ બિડાણમાં ભાવ પત્રક ડોકયુમેન્ટમાં આપેલ સમય મર્યાદા૧૮/૦૭/૨૦૨૪ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં ઓફિસ સમય દરમ્યાન જમા કરાવવાના રહેશે. આ નકકી કરેલા સમય પછી ભાવપત્રક જમા કરાવશો તો ભાવ પત્રક રદબાતલ થશે. **ભાવપત્રકનાં કવર ઉપર "ભંગારના ભાવ" એમ સુવાચ્ય અક્ષરે લખવું. શનિવારે તથા રવિવારે ઓફિસ બંધ રહશે.**

(૯) ઈ.એમ.ડી. ફકત ક્રોસ ડ્રાફટથી ચૂકવવાની રહેશે. ડ્રાફટ "ડાયરેકટર, એસ.વી.એન.આઈ.ટી." ના નામનો કઢાવી, ભાવ પત્રક ડોકયુમેન્ટ સાથે જોડવાનો રહેશે. ઈ.એમ.ડી. ઉપર કોઈ પણ પ્રકારનુ વ્યાજ આપવામાં આવશે નહી અને ઈ.એમ.ડી. વગર ભાવ પત્રક ડોકયુમેન્ટ રદ બાતલ ગણવામાં આવશે અને એ અંગેનો કોઈ પણ પ્રકારના પત્ર વ્યવહાર પણ થશે નહી. પાર્ટીને ઈ.એમ.ડી.ની રકમ (સ્વીકારેલ ઠેકેદારની ભોમલ કઈમઈ તરીકે તબદિલ થશે)કોન્ટ્રાકટ પુરો થયેથી પરત કરવામાં આવશે.

(૧૦) પાર્ટીએ તેમનાં સ્વખર્ચે ભંગાર ઉપાડવાનો તથા તેનો નિકાલ કરવાનો રહેશે. ભંગાર ઉપાડતી વખતે સંસ્થાની મિલકતને નુકસાન ન થાય કે જાનહાની ન થાય તેની સંપૂર્ણ કાળજી લેવાની રહેશે. અને જો તેમ કરવામાં કસુરવાર લાગશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૧) પાર્ટીએ નકકી કરેલા ભંગારનો જથ્થો જ ઉપાડવાનો રહેશે. અને જો આ સિવાયના ભંગાર અથવા અન્ય ચીજવસ્તુઓ ઉપાડતા ધ્યાનમાં આવશે તો પાર્ટીની ઈ.એમ.ડી. માંથી વસુલ કરવામાં આવશે અને/અથવા તેનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૨) સ્વીકારેલ ઠેકેદારની બાનાની રકમ આપો આપ કઈમઈ માં બદલાઈ જશે અને ઓર્ડર આપ્યા પછી નિયત સમય મર્યાદામાં ભંગાર ઉપાડવા માં નિષ્ફળ જનાર ઠેકેદારની કઈમઈ જપ્ત કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

(૧૩) ભાવપત્રકના ભાવ એક મહિના સુધી માન્ય ગણાશે. આ સમય દરમ્યાન અન્ય ભંગાર નીકળ્યેથી આપવામાં આવશે. જે પાર્ટી એ ઉપરોકત તમામ શરતો સાથે લેવાનો રહેશે.

(૧૪) **ભંગાર ની વિગતમાં દર્શાવેલ લોખંડ, પ્લાસ્ટીક અને લાકડા વગેરે માં મહત્તમ ભાવ આપનાર ને જ કોન્ટ્રાકટ આપવામાં આવશે. અગર લોખંડ, કોપર, બ્રાસ, અને પ્લાસ્ટીક આઈટમમાં ભાવ ઓછા હશે તો ભાવ પત્રક ખોલવા ના સમયે નેગોસીએશન કરવાનું રહેશે. પ્રથમ નેગોસીએશન માત્ર એક આઈટમ માં ભાવ ઓછા હશે તેની સાથે થશે પછી અન્ય સાથે કરવામાં આવશે જો બે કે તેથી વધુ પાર્ટી હશે તો નવા ભાવ તે સમયે બંધ કવરમાં આપવાના રહેશે. અને જેના ભાવ મહત્તમ આવશે તેને કામ આપવામાં આવશે.**

(૧૫) ભંગારનો સામાન અગ્રીમતા પ્રમાણે જે તે ડિપાર્ટમેન્ટની સુચના પ્રમાણે ઉપાડવાનો રહેશે.

(૧૬) આપે ભરેલા ભાવો કે મોડા આવેલા ભાવો સ્વીકારવા કે તમામ ભાવ પત્રકો કારણ દર્શાવ્યા વગર રદ કરવાનો અધિકાર આ સંસ્થાના નિયામકશ્રીનો રહેશે.

(૧૭) આ બાબતમાં કોઈપણ વાંધો પડે તો તેનો નિકાલ સુરત કાયદેસરની હકુમત હેઠળ કરવામાં આવશે

(૧૮) ભંગારનો બધો સામાન પાર્ટીએ ફકત ઓફીસ સમય દરમ્યાન જાતે જોઈ, તપાસી લેવાનો રહેશે. આ અંગે એસ્ટેટ વિભાગનો સંપર્ક કરવો.

(૧૯) **ભાવ પત્રક માં ભાવો આકડામાં અને શબ્દોમાં સુવાચ્ય અક્ષરોથી ભરવાના રહેશે. જો તેમાં કોઈ પણ પ્રકારનો તફાવત જણાશે તો, ભાવ પત્રક રદબાતલ ગણવામાં આવશે. જેથી પાર્ટીએ ભાવ ભરવામાં વિશેષ ધ્યાન આપવું.**

(૨૦) **પાર્ટીના સહી, સિકકા વગરનું ભાવ પત્રક રદબાતલ ગણવામાં આવશે.**

(૨૧) કોન્ટ્રાક્ટર દ્વારા રોકાયેલા માણસોની સલામતી અંગેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે અને યોગ્ય સત્તાધિકારીઓ દ્વારા નિર્ધારિત તમામ સંબંધિત ધોરણો, કાયદાઓ, નિયમો વગેરેનું સખતપણે પાલન કરશે. સંસ્થા અથવા તેના કોઈપણ કર્મચારીઓ કોન્ટ્રાક્ટર અથવા તેની કોઈપણ વ્યક્તિ/તેના દ્વારા રોકાયેલા કોઈપણ અને તેના કોઈપણ પરિણામોની સલામતી માટે કોઈપણ રીતે જવાબદાર નથી.

(૨૨) **ભંગારના નિકાલ પછી જે તે જગ્યાને નુકશાન ન થાય તે રીતે સાફ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.**

**CHAIRMAN**
**SCRAP COMMITTEE**

**DEAN**
**PLANNING & DEVELOPMENT**

ઉપરની શરતો નંબર ૧ થી ૨૨ અમોએ ધ્યાનથી વાંચી છે અને અમોને કબુલ મંજૂર છે.

**પાર્ટીની સહી** ——————————————

**નોંધ : સંસ્થાનો એકત્ર કરેલ ભંગારનો સામાન નીચે દર્શાવેલ સ્થાનમાં છે.**

**(અ). મુખ્યત્વે :** જૂની નર્સરી, લાયબ્રેરી, એસ્ટેટ ગોડાઉન

**(બ). અન્ય : ઈન્સ્ટીટયુટ કેમ્પસ**

<u>**સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી , સુરત–૭.**</u>

# ભાવ પત્રક

**કોન્ટ્રાકટની વિગત**

**લોખંડ, લાકડા, પ્લાસ્ટીકનો, ઈલેકટ્રીક  પરચુરણ સામાન, લાઈટ, જુનો સામાન, વગેરે તથા ભંગાર વેચાણ આપવા બાબત**

| અનુ નં. | વિગત | રૂપિયા (આંકડામાં) (GST સાથે) | રૂપિયા (શબ્દોમાં) |
|---|---|---|---|
| ૧. | લોખંડ | રૂા.________________ પ્રતિ કિલો | |
| ૨. | પ્લાસ્ટીક | રૂા.________________ પ્રતિ કિલો | |
| ૩. | લાકડા | રૂા.________________ પ્રતિ કિલો | |
| ૪. | એલ્યુમિનિયમ | રૂા.________________ પ્રતિ કિલો | |
| ૫. | કાચ | રૂા.________________ પ્રતિ કિલો | |
| ૬. | રબર | રૂા.________________ પ્રતિ કિલો | |
| ૭. | બ્રાસ (પ્લમ્બિંગ આઈટમ્સ) | રૂા.________________ પ્રતિ કિલો | |
| ૮. | કોપર કેબલ | રૂા.________________ પ્રતિ કિલો | |
| ૯. | એલ્યુમિનિયમ કેબલ | રૂા.________________ પ્રતિ કિલો | |

| અનુ નં. | વિગત | રૂપિયા (આંકડામાં) (GST સાથે) | રૂપિયા (શબ્દોમાં) |
|---|---|---|---|
| ૧૦. | ટયુબલાઈટ વેસ્ટ | રૂા.____________________ પ્રતિ કિલો | |
| ૧૧. | ગાદલા | રૂા.____________________ પ્રતિ નંગ | |

________________

સ્થળ: સુરત

તારીખ :

પાર્ટીની સહી તથા સિકકો

સરનામું : ---------------------------------

_______________________-------------

_______________________-------------

_______________________-------------